**<u>વર્ષ ૨૦૧૮-૧૯ નવી બાબત રૂ.૨૧૩૪.૦૦/- લાખ</u>**

**કોર્પોરેશનની મુડી ભંડોળ યોજના અન્વયે વ્યક્તિગત ધિરાણ સ્વરોજગારી યોજના સીધા ધિરાણ માટે <u>રૂ.૨૧૩૪.૦૦/- લાખ</u>ની લોન આપવા બાબત.**

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૧૮/ન.બા-૪/ઘ**

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૧/૦૫/૨૦૧૮.

## <u>વંચાણે લીધા</u> :-

(૧) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો તા.૨૦/૧૨/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃ વવસ/ ધિ.વા/ સ્વ.ધિ.લોન/૨૦૧૭/વશી.

(૨) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો તા.૧૮/૦૧/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃ જીટીડીસી / ધિ.વા/વશી /૧૨૩/૨૦૧૮.

## <u>પ્રસ્તાવના</u> :-

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન એક વૈધાનિક કોર્પોરેશન છે જેની રચના ગુજરાત આદિજતિ વિકાસ અધિનિયમ ૧૯૭૨ (ગુજ. એકટ. નં-૫ ૧૯૭૨) થી કરવામાં આવી છે. અધિનિયમની કલમ ૧૬(૧) અનુસાર" ગુજરાત રાજ્ય માં વસતા આદિજાતિ સભ્યોની સામાજીક અને આર્થિક ઉન્નતિ નું કાર્ય હાથ ધરવાની કોર્પોરેશનની પ્રાથમિક ફરજ રહેશે" અધિનિયમની કલમ ૧૬(૨) અનુસાર રાજ્યમાં વસતા અનુસુચિત જનજાતિનાં સભ્યોની સામાજીક અને આર્થિક ઉન્નતિનુ કાર્ય હાથ ધરવાની પ્રાથમિક ફરજ અનુસાર પોતાની મેળે અથવા બોર્ડ મંજુર કરે તેવા અનુસુચિત આદિજાતિનાં મંડળો અથવા તેવી બીજી એજન્સીઓના સહયોગથી અથવા તેમની મારફતે કૃષિ વિકાસ કાર્યક્રમો, માર્કેટીગ પ્રક્રિયા ખેતીના ઉત્પાદનનો પુરવઠો અને સ્ટોરેજ, લઘુઉદ્યોગ, મકાનોના બાંધકામ, હેરફેર અને રાજ્ય સરકાર આ અર્થે મંજુર કરે તેવી બીજી પ્રવૃતિઓનું આયોજન કરવાની અને તે શરૂ કરવાની કામગીરી હાથ ધરવાનું વિશાળ કાર્યક્ષેત્ર પ્રાપ્ત થયેલ છે. કોર્પોરેશન તરફથી ફકત સહકારી મંડળીના આદિજાતિ સભ્યોને વિવિધ હેતુ માટે ધિરાણ કરવાની જોગવાઇ હતી. જેને કારણે જે આદિજાતિ ઇસમો સહકારી મંડળીના સભ્યો ન હતા તેઓ ધિરાણના લાભોથી વંચિત રહેતા હતા જે અન્વયે રજુઆત કરતા સરકારશ્રીએ જાહેરનામાં ક્રમાંકઃ-ખ-શ-૫-ટી-ડી-સી-૧૦૯૫-૧૭૦૨-૭૭, તા.૦૫-૦૯-૧૯૯૭ ના રોજ વ્યક્તિગત ધિરાણની મંજુરી આપેલ છે. જે અન્વયે સ્વરોજગારી હેઠળ વ્યક્તિગત ધિરાણ ની યોજના અમલમાં છે જે આ આદિવાસી ઇસમોએ રાજ્ય સરકારશ્રી

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે કોર્પોરેશનની મુડી ભંડોળ યોજના અન્વયે વ્યક્તિગત ધિરાણ સ્વરોજગારી યોજના સીધા ધિરાણ માટે લોન આપવા માટેની રૂ.૨૧૩૪.૦૦/- લાખની નવી બાબતને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે :

**શરતો :-**

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવા આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) લાભાર્થીએ જે હેતુ માટે ધિરાણની માંગણી કરેલ હોય તે હેતુ માટે જ લોનનો ઉપયોગ કરવાનો રહેશે.

(૧૧) લાભાર્થીએ કોર્પોરેશનની લોનથી ખરીદેલી મિલ્કત કોર્પોરેશન તરફેણમાં કરારખત/ગીરોખત કરી આપવાનો રહેશે.

Scanned by CamScanner

હરાજીથી નાણાંની વસુલાત કરી શકશે. તથા અરજદારના જામીનની મિલ્કત પર પણ હાથ મુકવાને હક્કદાર રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૬ આયોજન, મુખ્ય સદરઃ ૪૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓનાં કલ્યાણ. અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદરઃ ૧૦-વીકેવાય-૪૮ઃ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, આ યોજના હેઠળ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમની શેર કેપીટલમાં વધારો કરવા બાબત હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૮/૦૪/૨૦૧૮ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિદ્યુત પંડ્યા)
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (સેવા)ના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેકટ ફાઇલ.

Scanned by CamScanner